RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 228* Date: 15.06.2022 Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાતમાં ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટને મંજૂરી

## એરપોર્ટને રેલ્વે અને હાઈવે જેવી મલ્ટી મોડલ કનેક્ટિવિટી દ્વારા જોડવામાં આવશે

અમદાવાદ,તા.૧૪

ગુજરાત માટે આજે એક ખુશખબર મળી રહ્યા છે. રાજ્યમાં ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટના વિકાસ માટે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. સૂચના અને પ્રસારણમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, આ એરપોર્ટને રેલ્વે અને હાઈવે જેવી મલ્ટી મોડલ કનેક્ટિવિટી દ્વારા જોડવામાં આવશે. પ્રથમ તબક્કામાં રૂ. ૧૩૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે.

અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જરોનું ટ્રાફિક સતત વધી રહ્યું છે. હાલમાં એરપોર્ટની ક્ષમતાથી વધુ પેસેન્જરોની અવરજવર કરી રહ્યા છે. ત્યારે અમદાવાદ એરપોર્ટની ચારે બાજુ હવે જગ્યા ન હોવાથી વધારાના રન-વે સહિત તેનું વિસ્તરણ થઈ શકે તેમ નથી. આ સ્થિતિમાં અમદાવાદ સહિત રાજ્યના પેસેન્જરોની સુવિધા માટે અમદાવાદથી ૮૦ કિલોમીટર દૂર અને ધોલેરાથી ૨૦ કિલોમીટર દૂર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ધોલેરા ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ એરપોર્ટને કેન્દ્ર અને રાજ્ય સરકારના પર્યાવરણ સહિત તમામ વિભાગોની મંજૂરી મળી ગઈ છે.

ધોલેરા સિટી નજીક આંતરરાષ્ટ્રીય ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું બાંધકામ જાન્યુઆરી ૨૦૨૨માં શરૂ કરવામાં આવશે અને તેનો પહેલો તબક્કો ડિસેમ્બર ૨૦૨૪માં પૂર્ણ કરાશે. પ્રથમ તબક્કામાં રન-વે ૩૨૦૦ મીટરનો બનશે જે બીજા તબક્કામાં ૩૮૦૦ મીટર સુધી લઈ જવાશે. ડીઆઈએસીએલમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનો ૫૧ ટકા, ગુજરાત સરકારનો ૩૩ ટકા અને નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પ્લિમેન્ટ ટ્રસ્ટનો ૧૬ ટકા હિસ્સો છે. આ કંપનીને રાજ્ય સરકારે ૩૦૦૦ એકર જમીન લીઝ પર આપી છે. જાણવા મળી રહ્યું છે કે ધોલેરા ઈન્ટરનેશન એરપોર્ટ પરથી ૪ઈ એરક્રાફ્ટ ઉડી શકે તે માટે યોગ્ય એવો ૩૨૦૦ મીટર લાંબો રન-વે વિકસાવવામાં આવશે. પ્રોજેક્ટના ત્રીજા તબક્કામાં બીજો રન-વે બનાવવામાં આવશે. જ્યારે ત્રણેય તબક્કા પૂર્ણ થશે ત્યારે આ એરપોર્ટ પરથી ૧૦૦ મિલિયન જેટલા મુસાફરો પ્રતિવર્ષ આવન-જાવન કરી શકશે. વિમાન પાર્કિંગ માટે ૧૨ એપ્રોન બનાવવામાં આવશે અને ૨૦,૦૦૦ ચોરસમીટર જમીનમાં પેસેન્જર ટર્મિનલ બનશે. ૩૦૦૦ ચોરસમીટરથી વધુના અલગ અલગ એટીસી ટાવર સાથે કાર્ગો ટર્મિનલ પણ આ એરપોર્ટમાં બનાવવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો પણ ફાળવી દેવામાં આવ્યો છે. જેના પગલે એરપોર્ટની જગ્યાએ માટી પૂરાણ સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે માટી પૂરાણ થયાના એક વર્ષ બાદ એરપોર્ટના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભામાં પણ અમદાવાદ નજીક ધોલેરા પાસે બની રહેલા ઈન્ટરનેશનલ એરપોર્ટનું કામ ચાર વર્ષે પૂર્ણ થશે તેવું સરકારે જણાવ્યું હતું. આ પ્રોજેક્ટનો સુધારેલો અંદાજીત ખર્ચ ૧૩૦૫ કરોડ નક્કી




કરવામાં આવ્યો હતો. જો કે હજી પ્રોજેક્ટનું કામ શરૂ થઈ શક્યું નહોતું. પ્રથમ તબક્કાના ડેવલપમેન્ટના ભાગ-૧ માટેની ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

### પૂણે, પંજાબ અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે ગુજરાતથી ધરપકડ કરી

## સિંગર સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડમાં સામેલ સંતોષ જાધવ કચ્છના માંડવીથી પકડાયો ?

નવીદિલ્હી,તા.૧૪

પંજાબી સિંગર અને કોંગ્રેસ નેતા સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડના આરોપીઓને પકડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડમાં સામેલ સંતોષ જાધવની કચ્છ પોલીસની મદદથી કચ્છના માંડવીના નાગોર ગામેથી ધરપકડ કરી છે. પૂણે, પંજાબ અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે ધરપકડ કરી હતી. તેને આશ્રય આપનાર સાગરિત નાગનાથ સૂર્યવંશીને પણ ઝડપી લેવામાં આવ્યો છે. સંતોષ જાધવ ૨૦૨૧માં પૂણેના મંચર પોલીસ સ્ટેશનમાં ફાયરિંગ કરી હત્યાના કેસમાં વોન્ટેડ હતો.

પૂણે પોલીસે સિદેશ કામલે નામના આરોપીને પકડ્યો હતો અને તેની પાસેથી એવી બાતમી મળી હતી કે કચ્છના માંડવીમાં નવનાથ સૂર્યવંશી ઉર્ફે મિઠુન અને સંતોષ જાધવ છુપાયેલા છે. પૂણે પોલીસની ટીમે કચ્છ પોલીસની મદદ માંગી હતી અને એક ટીમ કચ્છ આવી હતી. પૂણે અને કચ્છ પોલીસે પ્રથમ નવનાથ સૂર્યવંશીને પકડ્યો હતો. બાદમાં તેની પૂછપરછ કરતા મોબાઈલ નંબર મળ્યા હતા. મોબાઈલ નંબરની તપાસ કરીને ગેંગસ્ટર સંતોષ જાધવને માંડવીના નાગોરમાંથી ઝડપી લીધો હતો. એક વર્ષથી કચ્છના માંડવી વિસ્તારમાં સંતાઈને રહેતા સંતોષ જાધવના સંપર્કો અંગે કચ્છ પોલીસ તપાસ કરશે.

પોલીસે સંતોષ જાધવને રવિવારે મોડી રાત્રે ડ્યુટી મેજિસ્ટ્રેટ સામે હાજર કર્યો હતો. કોર્ટે તેને ૨૦ જૂન સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધો છે. તમને જણાવી દઈએ કે સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડમાં અત્યાર સુધી આઠ આરોપીઓની ઓળખ થઈ ચૂકી છે. આ મામલામાં સૌરભ મહાકાલની પહેલા જ ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં આરોપીઓની ધરપકડ માટે અલગ-અલગ રાજ્યોની પોલીસ તપાસમાં લાગેલી છે. પોલીસનું માનવું છે કે સંતોષ જાધવની પૂછપરછ પછી આ હત્યાકાંડ સંબંધિત મહત્વની સાબિતી હાથ લાગી શકે છે

સત્તાવાર નિવેદન પ્રમાણે લોરેન્સ બિશ્નોઈના સભ્ય જાધવની ૨૦૨૧માં પૂણે જિલ્લાના મંચર પોલીસ સ્ટેશનમાં એક હત્યાના મામલામાં ધરપકડ કરવામાં આવી હતી. તે છેલ્લા એક વર્ષથી ફરાર ચાલી રહ્યો હતો. પોલીસે જણાવ્યું કે નાગનાથ સૂર્યવંશીનું નામ મુસેવાલા હત્યાકાંડમાં સામે આવ્યું છે.

સિદ્ધુ મુસેવાલાની હત્યા પહેલા તેની રેકી કરવામાં આવી હતી. હરિયાણાના યુવક સંદીપ ઉર્ફે કેકડાએ તેની રેકી કરી હતી. કેકડા સિદ્ધુ મુસેવાલાના ઘરે પ્રશંસક બનીને ગયો હતો. પોલીસે ધરપકડ કરેલા સંદીપ ઉર્ફે કેકડાએ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, તે સેલ્ફી લેવાના બહાને તેના મિત્રો નિક્કુ અને કેશવ સાથે સિદ્ધુ મૂસેવાલાના ઘરે ગયો હતો. ત્યાં તેણે થાર કારનો ફોટો પણ લીધો હતો અને કેશવ અને નિકકુને મોટરસાઈકલ પર બેસાડી પાછા લઈ ગયો હતો. ત્યારબાદ બંને કારમાં સવાર થયા હતા. જ્યારે કેકડો મોટરસાયકલ લઈને ચાલ્યો ગયો હતો. તમને જણાવી દઈએ કે સંદીપ ઉર્ફે કેકડા એક ડ્રગ એડિક્ટ છે. તેની સામે એનડીપીસીના કેસ પણ નોંધાયેલા છે

## ઇડી દ્વારા રાહુલની બીજા દિવસે પૂછપરછ કરાઇ,કોંગ્રેસ કાર્યાલયની બહાર કલમ ૧૪૪ લાગુ



નવીદિલ્હી,તા.૧૪

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીના સવાલોના જવાબ આપવા બીજા દિવસે રાહુલ ગાંધી કાર દ્વારા તપાસ એજન્સીની ઓફિસે પહોંચ્યા હતા. તેમની સાથે કારમાં પ્રિયંકા ગાંધી પણ હતા. રાહુલને ઈડી ઓફિસમાં ડ્રોપ કર્યા બાદ પ્રિયંકા ત્યાંથી નીકળી ગયા હતા.કોંગ્રેસ કાર્યાલયની બહાર થયેલા હોબાળાને કારણે ત્યાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે.જો કે આ દરમિયાન વિરોધ કરતા કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલાને ઢસડીને પોલીસે વાનમાં બેસાડી દીધા હતા. તેમના સિવાય અન્ય નેતાઓની પણ પોલીસે અટકાયત કરી છે. વિરોધ દરમિયાન સુરજેવાલા અને ચિદમ્બરમને ઈજા થઈ હતી.

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ સોમવારે રાહુલ ગાંધીની લગભગ ૯ કલાક સુધી પૂછપરછ કરી હતી. મોડી રાતની પૂછપરછ દરમિયાન રાહુલે ઈડીના અધિકારીને કહ્યું કે 'શું રાત્રે અહીં જ રોકવાનો ઈરાદો છે. જો એમ હોય, તો હું ડિનર પછી આવું.' સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ દરમિયાન તેમના જવાબથી એજન્સી સંતુષ્ટ ન હતી. તેમની પાસેથી કેટલાક પેપર પણ મંગાવવામાં આવ્યા છે. રાહુલે ઘણી વખત એજન્સીના પ્રશ્નનો જવાબ આપવાનું ટાળ્યું હતું. જેના કારણે તેમને મંગળવારે ફરીથી બોલાવવામાં આવ્યા છે.

ઈડીએ પૂછ્યું હતું કે ૫૦ લાખનાં શેર માટે રૂપિયા કેવી રીતે ભેગા કર્યા? તમારી મિલકત ક્યાં-ક્યાં છે? શું વિદેશમાં કોઈ મિલકત છે? જો હા, તો ક્યાં અને કેટલી છે? એજેએલમાં તમારી ભૂમિકા શું હતી, તમે યંગ ઈન્ડિયામાં કેવી રીતે જોડાયા? યંગ ઈન્ડિયાના ડિરેક્ટર કેવી રીતે બન્યા? કંપનીની રચના ક્યારે થઈ? શું યંગ ઈન્ડિયા છત્તન્ને ટેકઓવર કરી શકશે? ૫. એજેએલની જવાબદારીને દૂર કરવા માટે ચુકવણી કોના નિર્ણય પર કરવામાં આવી હતી? સહિતના સવાલો પુછવામાં આવ્યા હતાં.

આ પહેલા સોમવારે સવારે ઈડીએ રાહુલની લગભગ ૩ કલાક પૂછપરછ કરી હતી. આ પછી બપોરે ત્રણ વાગ્યાની આસપાસ લંચ બ્રેક લેવામાં આવ્યો હતો. ઈઢએ તેમને લંચ માટે કહ્યું, પરંતુ રાહુલે ના પાડી. આ પછી તેઓ સીધા પ્રિયંકા ગાંધી સાથે સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ સોનિયા ગાંધીને મળવા ગયા હતા. લગભગ ૪૦ મિનિટ પછી રાહુલ EDની ઓફિસમાં પાછા ફર્યા હતા. જે બાદ તેમની ફરીથી પૂછપરછ કરવામાં આવી હતી.

અહીં પાર્ટીના પ્રવક્તા અને સાંસદ રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું કે પૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમની સાથે પોલીસ દ્વારા ધક્કામુક્કી કરવામાં આવી હતી, તેમના ચશ્મા જમીન પર ફેંક્યા હતા, તેમની ડાબી પાંસળીમાં ફ્રેક્ચર છે. સાંસદ પ્રમોદ તિવારીને રસ્તા પર પટક્યા હતા. તેમને માથામાં ઈજા અને પાંસળીમાં ફ્રેક્ચર છે. શું આ લોકશાહી છે?

## ભાજપને ઘેરવાની તૈયારી, મમતા બેનર્જીએ બોલાવેલી વિપક્ષની બેઠકમાં કોંગ્રેસ પણ ભાગ લેશે

નવીદિલ્હી,તા.૧૪

રાષ્ટ્રપતિની ચૂંટણીની રણનીતિ ઘડવા માટે વિપક્ષી પાર્ટીઓ આવતીકાલે દિલ્હીમાં બેઠક કરવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ, તૃણમૂલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જી આવતીકાલે લગભગ ૪.૩૦ વાગે દિલ્હી પહોંચી રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે, મમતા બેનર્જીની આજે કોઈ બેઠક નક્કી નથી. તે બુધવાર, ૧૫ જૂને કોન્સ્ટિટ્યુશન ક્લબમાં બપોરે ૩ વાગ્યે રાષ્ટ્રપતિની ચૂંટણી પર વિપક્ષી પાર્ટીઓની બેઠકની અધ્યક્ષતા કરશે. એનસીપીના સૂત્રોના જણાવ્યા અનુસાર, શરદ પવાર દિલ્હી પહોંચી ગયા છે અને તેઓ આજે સાંજે ૫ વાગ્યે સીપીએમના મહાસચિવ સીતારામ યેચુરીને મળવાના છે. રાષ્ટ્રપતિની ચૂંટણીની રણનીતિ તૈયાર કરવા માટે આ બેઠક યોજાઈ રહી છે.

વાસ્તવમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તાજેતરમાં વિપક્ષી પાર્ટીઓના નેતાઓને પત્ર લખ્યો હતો. જેમાં આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સંયુક્ત રણનીતિ તૈયાર કરવા નવી દિલ્હીમાં બેઠક બોલાવવામાં આવી હતી. બેનર્જીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ, સીપીઆઈ(એમ)ના મહાસચિવ સીતારામ યેચુરી સહિત ૨૨ વિપક્ષી નેતાઓને પત્ર મોકલીને ૧૫મી જૂને બેઠકમાં હાજરી આપવા વિનંતી કરી હતી.

કોંગ્રેસ આવતીકાલે બપોરે ૩ વાગ્યે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં ટીએમસીના વડા મમતા બેનર્જીએ બોલાવેલી વિરોધ પક્ષોની બેઠકમાં ભાગ લેશે. કોંગ્રેસ તરફથી મલ્લિકાર્જુન ખડગે, જયરામ રમેશ, રણદીપ સિંહ સુરજેવાલા ભાગ લેશે.

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૧૮ જુલાઈના રોજ મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં, ઈલેક્ટોરલ કૉલેજના ૪,૮૦૯ સભ્યો – સાંસદો અને ધારાસભ્યો – વર્તમાન રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદના અનુગામીની પસંદગી કરશે. વાસ્તવમાં, રાષ્ટ્રપતિ પરોક્ષ રીતે ઈલેક્ટોરલ કૉલેજ દ્વારા ચૂંટાય છે. જેમાં સંસદના ચૂંટાયેલા સભ્યો અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓનો સમાવેશ થાય છે.

## ગુજરાતમાં આકાશી વીજળીએ છેલ્લા પાંચ વર્ષમાં ૨૩૮ લોકોના લીધા જીવ

નવીદિલ્હી,તા.૧૪

ગુજરાતમાં હવે ચોમાસાનું આગમન થયું છે ત્યારે છેલ્લા એક સપ્તાહમાં વીજળી પડવાને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૭ જૂનના રોજ ૪ અને રવિવારે ૫ લોકોના વીજળી પડવાને કારણે મોત થઈ ગયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વીજળી પડવાની ઘટનાઓ અને તેનાથી થતી મૃત્યુની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ગુજરાતમાં તો આ સંખ્યા વધી રહી જ છે સાથે દેશભરમાં પણ આવી જ સ્થિતિ નજર આવી રહી છે. તેનું અનુમાન એ વાત પરથી લગાવી શકાય કે, છેલ્લા ૫ વર્ષમાં વર્ષ ૨૦૧૬-૨૦૨૦ દરમિયાન દેશમાં વીજળીના કારણે ૧૪,૨૯૫ લોકોના જીવ ગયા છે. આ તથ્ય લોકસભામાં પૂછવામાં આવેલા સવાલના જવાબમાં સરકાર તરફથી આપવામાં આવેલી જાણકારીમાં સામે આવ્યું છે. માત્ર વર્ષ ૨૦૨૦ની વાત કરીએ તો આ એક વર્ષમાં ૨,૮૬૨ લોકોના વીજળી પડવાના કારણે દેશમાં મૃત્યુ થયા છે. વર્ષ દીઢ મૃત્યુના આંકડા પર નજર કરીએ તો ૨૦૧૬માં ૩,૩૧૫, ૨૦૧૭માં ૨,૮૮૫, ૨૦૧૮માં ૨,૩૫૭, ૨૦૧૯માં ૨,૮૭૬ અને ૨૦૨૦માં ૨,૮૬૨ લોકોના વીજળી પડવાના કારણે મૃત્યુ થયા છે. ૨૦૨૦માં બિહાર- ૪૩૬ લોકોના મોત વિજળી પડવાથી થયા હતાં જયારે મધ્યપ્રદેશ- ૪૨૯,ઝારખંડ- ૩૩૬,ઉત્તરપ્રદેશ- ૩૦૪,ઓડિશા- ૨૭૫, છત્તીસગઢ- ૨૪૬,મહારાષ્ટ્ર- ૧૮૨,પશ્ચિમ બંગાળ- ૧૭૦, આંધ્રપ્રદેશ- ૯૩,ગુજરાત- ૭૮ના મોત થયા હતાં વર્ષ ૨૦૨૦માં વીજળીના કારણે થયેલા મૃત્યુના આંકડા પર નજર નાખીએ તો સૌથી વધારે ૪૩૬ મૃત્યુ બિહારમાં થયા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપના આંચકા,રિક્ટર સ્કેલ પર ૫.૨ની તીવ્રતા

શ્રીનગર,તા.૧૪

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, તેની તીવ્રતા ૫.૨ માપવામાં આવી હતી. ભૂકંપ બપોરે ૧.૫ કલાકે આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાનમાં હતું. અત્યાર સુધી આનાથી નુકસાનના કોઈ અહેવાલ નથી.

હિમાલય પર્વતમાળાના નિર્માણના સમયથી, તેની રચના એવી છે કે સમગ્ર વિસ્તારમાં ક્ષેત્રો અને ખામીઓ રહી ગઈ છે. જમ્મુ-કાશ્મીર ટેકટોનિક પ્લેટ પર ટકે છે, જ્યાં ભારે દબાણ હોય ત્યારે ભૂકંપ આવે છે.

પૃથ્વી અનેક સ્તરોમાં વહેંચાયેલી છે અને જમીન નીચે અનેક પ્રકારની પ્લેટો છે. આ પ્લેટો એકસાથે અટવાઈ જાય છે, પરંતુ કેટલીકવાર આ પ્લેટો સરકી જાય છે, જેના કારણે ભૂકંપ આવે છે. ક્યારેક તે વધુ કંપન કરે છે અને તેની તીવ્રતા વધે છે. ભારતમાં, પૃથ્વીના આંતરિક સ્તરોમાં ભૌગોલિક હિલચાલના આધારે કેટલાક ઝોન નક્કી કરવામાં આવ્યા છે અને કેટલાક સ્થળોએ તે વધારે છે અને કેટલાક સ્થળો ઓછા છે. આ શક્યતાઓના આધારે, ભારતને ૫ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે, જે જણાવે છે કે ભારતમાં ભૂકંપ માટે સૌથી વધુ સંવેદનશીલ ક્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

# ઉત્તર ભારતના ઘણા રાજ્યોની માફક રાજસ્થાન પણ પેટ્રોલ ડીઝલની અછત સામે ઝઝૂમી રહ્યા છે




*ઉત્તર ભારતના ઘણા રાજ્યોની માફક રાજસ્થાન પણ પેટ્રોલ ડીઝલની અછત સામે ઝઝૂમી રહ્યા છે. ગત કેટલાક દિવસોથી બે ઓઇલ કંપનીઓ ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ માંગના અનુસાર પેટ્રોલ અને ડીઝલની આપૂર્તિ કરી રહી નથી. જેના લીધે રાજસ્થાનના સાડા છ હજાર પેટ્રોલ પંપની સાથે લગભગ બે હજાર પેટ્રોલ પંપ ડ્રાઇ થઇ ગયા છે.*

*રાજસ્થાનનો કોઇ નાનકડો જિલ્લો એવો નથી જ્યાં પેટ્રોલ અને ડીઝલની સમસ્યા ન હોય. રાજધાની જયપુરમાં લગભગ સાડા છ વાગે પેટ્રોલ પંપ છે તેમાં સોમાંથી વધુ પર પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ ન હોવાના બોર્ડ લાગી ગયા છે. રાજસ્થાન પેટ્રોલ ડીલર એસોસિએશનના અધ્યક્ષ સુનીત બગઇએ જણાવ્યું હતું કે આ સમસ્યાનું પહેલું મોટું કારણ છે કે લગભગ બે અઠવાડિયાથી રિલાયન્સ અને એસ્સાર પેટ્રોલ પંપનું બંધ થવું. આ બંને કંપનીઓનું રાજસ્થાનમાં માર્કેટ શેર લગભગ ૧૫ ટકા છે અને જ્યારે તેમના પંપ બંધ થયા તો તેનો ભારત અન્ય કંપનીઓના પેટ્રોલ પંપ પર આવી ગયો.*

*બીજી કારણ એ છે કે ભારત અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કંપની તરફથી સપ્લાય ઓછી કરવામાં આવે છે. બગઇના અનુસાર ફક્ત ઇન્ડીયન ઓઇલ કંપની રાજ્યની પુરી સપ્લાય આપી રહી છે. આ સંકટનું એક મોટું એ પણ જણાવવામાં આવે છે કે પેટ્રોલિયમ કંપનીઓને થઇ રહેલું નુકસાન વધી રહ્યું છે. અને તેના લીધે બે કંપની સપ્લાય ઓછી કરી રહી છે. જો આમ છે તો મોટો સવાલ એ છ કે ત્રણેય કંપની સરકારી છે તો એવામાં એક કંપની કેવી રીતે સપ્લાય કરી રહી છે.*

*તાજેતરમાં રાજસ્થાનમાં આ સ્થિતિ છે તેમાં આગામી ત્રણ ચાર દિવસ સુધી સુધારો થવાના અણસાર નથી. તેના લીધે જો ઓઇલ કંપની આજથી પણ સપ્લાય વધારશે તો પણ સમગ્ર રાજ્યમાં સપ્લાય યોગ્ય રીતે થતાં બે ત્રણ દિવસમાં પહોંચી શકશે. આ સમસ્યાના લીધે સામાન્ય વ્યક્તિ તો પરેશાન છે જ સાથે ખેતી, ખેડૂત અને ઉદ્યોગ ધંધા પર તેની અસર પડી રહી છે. ઉદ્યોગોના ઉત્પાદન અને ખેડૂતોની વાવણીની સિઝનમાં ડીઝલની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.*

# મનુષ્યજીવનમાં મર્યાદા જરૂરી છે..



ગુરૂભક્તે હંમેશાં સાગરની જેમ મર્યાદામાં રહી પ્રસન્ન અને ગંભીર રહેવું.સાગર પોતાની મર્યાદા છોડતો નથી તે બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર, દુસ્તર અને અનંત છે તેમ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર રહેવું જોઈએ.જીવન વિકાસ માટે પ્રસન્નંતા હોવી જોઈએ. વર્ષાઋતુમાં નદીઓમાં પુર આવવાથી તે વધતો નથી અને ઉનાળામાં પાણી વરાળ બનીને ઉડી જવા છતાં તે ઘટતો નથી તેવી જ રીતે ગુરૂભક્તે સાંસારીક પદાર્થોની પ્રાપ્તિથી પ્રફુલ્લિ ના થવુ તથા વિપત્તિમાં ઉદાસ ના થવું. ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં ગુરૂભક્તની મનઃસ્થિતિ એકરસ રહે છે. મર્યાદાહીનતા વિકારોની જનની છે. જે વ્યક્તિ મર્યાદાઓનું પાલન કરતો નથી તેનું સમાજ કે પરીવારમાં કોઈ સન્માન કરતું નથી અને લોકો તેને ઘૃણાની નજરથી જુએ છે.રાવણ એક કુશળ રાજનીતિજ્ઞ હતો.ચારેય વેદોનો જ્ઞાતા અને ભગવાન શિવનો પરમ ભક્ત હોવા છતાં તેને લોકમર્યાદાની વિરૂદ્ધ આચરણ કરવાના લીધે તે ઘૃણાપાત્ર બન્યો અને દર વર્ષે લોકો તેના પૂતળાનું દહન કરે છે.મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામની યાદ આવતાં જ શ્રદ્ધાથી આપણું મસ્તક નમી જાય છે.મર્યાદા એક પ્રકારનું અનુશાસન છે જે સ્વસ્થ પરંપરાનું પ્રતિક છે.મર્યાદાનો સબંધ આંતરીક નૈતિકતા સાથે છે. મર્યાદાની અંદર શાલિનતા, સ્પષ્ટતા, વિનમ્રતા અને માધુર્યનો સમાવેશ છે.મર્યાદા પાલન એ માનવની તમામ સાધનાઓનું મુખ્ય લક્ષ્ય છે.જયારે જયારે સંસારમાં ધર્મની હાની થાય છે, પાપ-અનાચાર વધી જાય છે, સજ્જન પુરૂષોનું જીવવું કઠીન થઇ જાય છે ત્યારે આવા વિકટ સમયમાં ઈશ્વર સાકાર શરીર ધારણ કરીને અવતાર લે છે.

અવતારી પુરૂષો પોતે મર્યાદામાં રહીને બીજાને મર્યાદિત જીવન જીવવાનો રસ્તો બતાવે છે.શ્રીમદ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ ×શ્રેષ્ઠ પુરૂષ જે જે આચરણ કરે છે અન્ય માણસો પણ તેવું તેવું આચરણ કરે છે, તે જે કંઈ પ્રમાણ કરી આપે છે બીજા મનુષ્યો તે પ્રમાણે આચરણ કરે છે.× (૩/૨૧)

દેશમાં સમાજના હિતોને ધ્યાનમાં રાખીને કેટલાક નિયમો બનાવવામાં આવે છે તે નિયમોનું પાલન કરવું એ તમામ નાગરીકોની જવાબદારી છે.કયા સમાજે કેટલી પ્રગતિ કરી છે તે તેના મર્યાદા પાલન ઉપર આધારીત હોય છે. બીજાઓની ભાવનાને સમજવી,તેમને સન્માન આપવું, મીઠા શબ્દોનો ઉપયોગ કરવો, બીજાની યથાશક્તિ સેવા કરવી, સમાજમાં કોઈને નાના સમજી તેમનો તિરસ્કાર ન કરવો,ઘૃણા ન કરવી, તમામને માનવીય દ્રષ્ટિથી જોઇ સમભાવથી યથાયોગ્ય વ્યવહાર કરવો..આવા નિયમોના પાલનથી સમાજ ઉન્નત બને છે. સમાજના નિયમોનું ઉલ્લંઘન કરનાર સ્વાર્થી લોકોને ક્યારેય માનસિક શાંતિ મળતી નથી, વ્યક્તિની માનસિક શાંતિના માટે પણ મર્યાદા જરૂરી છે.મર્યાદાની સૌથી વધુ જરૂર આધ્યાત્મિક જીવનમાં પડે છે.પરીવારમાં પણ કેટલાક નિયમો હોય છે, રીતિ-રિવાજ હોય છે,મર્યાદા હોય છે જેનું પાલન કરવું દરેક સદસ્યની ફરજ છે.મર્યાદામાં રહેવું,અનુશાસનમાં રહેવું સ્વસ્થ સભ્યતાનું પ્રતિક છે.બાળકો સાથે સ્નેહયુક્ત વ્યવહાર કરવો, મોટાઓનો આદર-સત્કાર કરવો અને અતિથિ સત્કાર કરવો એ શુભ મર્યાદાનું પ્રતિક છે. મહાત્માઓ જાણે છે કે પરીવારજનો સાથે કેવો વ્યવહાર કરવો જેનાથી પ્રેમભર્યું વાતાવરણ બનેલું રહે. સુખી ગૃહસ્થાશ્રમ એ જ છે કે દરેકના મનમાં લાલસા કે કામના ન હોય અને ઉત્તમ વિચાર અને ઉત્તમ કર્મ હોય, દરેકના પ્રત્યે નિષ્પક્ષ વ્યવહાર હોય એ જ ગૃહસ્થ જીવનની મર્યાદા છે. ભગવાન શ્રીરામને મર્યાદા પુરૂષોત્તમ કહેવામાં આવે છે, તેઓએ આદર્શ પૂત્ર, આદર્શ ભાઈ, આદર્શ નાગરીક અને આદર્શ પતિની ભૂમિકા નિભાવી હતી. તેમનામાં વીરતા કે વિદ્વતાની ખોટ ન હતી. સર્વગુણ સંપન્ન હોવા છતાં હંમેશાં મર્યાદામાં રહ્યા હતા. જ્યારે રાવણને મારીને અયોધ્યા પરત આવ્યા ત્યારે માતા કૌશલ્યાએ શંકા વ્યક્ત કરી કેઃ ×કવન ભ્રાંતિ લંકાપતિ મારા..× ભગવાને માતાની શંકા નિવારણ કરતાં કહ્યું કેઃ ×ગુરૂ વશિષ્ઠ કુલપૂજ્ય હમારે,ઈન્હકી કૃપા દનુજ રન મારે..× આવી હતી તેમની પોતાના ગુરૂ પ્રત્યે નિષ્ઠા તેમજ શ્રદ્ધા કે જેનાથી તે મર્યાદીત આચરણવાળા કહેવાયા હતા.

પ્રકૃતિ પણ અમોને મર્યાદામાં જીવન જીવવાની પ્રેરણા આપે છે. પિંડે સો બ્રહ્માંડે તે ન્યાયે અમે બ્રહ્માંડના એક અંશમાત્ર છીએ. તમામ ગ્રહો ઉપગ્રહો પોતાની કક્ષામાં મર્યાદિત ઢંગથી ચાલે છે. કોઈનો કોઈની સાથે ટકરાવ હોતો નથી તમામ મર્યાદામાં રહીને પોત પોતાનાં કાર્ય કરી રહ્યાં છે. પ્રકૃતિના તમામ કાર્યો મર્યાદામાં ચાલે છે. આ સૃષ્ટિના તમામ માનવોએ પણ માનવીય મર્યાદાઓનું પાલન કરીને સૃષ્ટિની સુંદરતાને બનાવી રાખવાની છે. સંત મહાત્મા જીવન-મૃત્યુ, હાનિ-લાભ, યશ-અપયશ વગેરેની ચિંતા કર્યા વિના હંમેશાં સહજ જીવન જીવે છે.ભક્તમાં ક્યારેય પોતાની વિદ્વતાનું, સત્તાનું કે ભૌતિક સંપત્તિનું અભિમાન હોતું નથી કે ફળની કામના હોતી નથી તેમને ફક્ત ભક્તિના વરદાનની ઈચ્છા હોય છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# INS VALSURA ORGANISES MAIDEN LITERATURE FESTIVAL IN SAURASHTRA REGION

Ahmedabad

Indian Naval Ship (INS) Valsura, Jamnagar organised the maiden Literature Festival in the Saurashtra region on 11 June 2022 as part of 'Azadi Ka Amrit Mahotsav' celebrations. The event was aimed at inculcating good reading culture, fostering critical thinking amongst young military leaders and generating widespread interest in the field of arts and literature by introducing the participants to a panorama of literary activities.



The event witnessed plenary discussions and talks by twelve acclaimed authors with diverse backgrounds and expertise in varied forms of literature which included military history, journalism, lifestyle, mythology, principles of management, publishing, theatre and television amongst others. As Part of 'Azadi ka Amrit Mahostav' celebrations, the Lit Fest witnessed wide participation. It included eminent personalities, distinguished officers and personnel from all the three services of the Armed Forces, ladies and children besides civilian guests from Saurashtra region. The event also received an encouraging response from eminent schools of Jamnagar and saw participation of over 100 school children including faculty members. In addition, a book fair was organised with a wide collection of books across all genres that experienced a footfall of more than two thousand. The event culminated with a thought provoking Streªt Play on the Literature Fest theme and a captivating Fancy Dress Show by children dressed as freedom fighters to commemorate 'Azadi Ka Amrit Mahotsav'.

As part of the event, a Pan Navy Poªry Writing Campaign was steered by Naval Wives Welfare Association (NWWA), Southern Region for ladies and children of the Naval fraternity. A compilation of selected poems would be published as a Kindle version by a leading Publishing House shortly.

# ગોવામાં ધર્માંતરણ પ્રતિબંધ કાયદો કરવા માટે તત્પરતાથી પગલાં ઉપાડવાની માગણી !

આજે દેશમાં પ્રતિ વર્ષ હિંદુઓનું લાખોની સંખ?યામાં ધર્માંતરણ કરીને તેમને ખ્રિશ્ચન તેમજ મુસલમાન બનાવવામાં આવે છે. અનેક રાજયોમાં ધર્માંતરણ વિરોધી કાયદો હોવા છતાં છડેચોક મોટા પ્રમાણમાં હિંદુઓનું ધર્માંતરણ કરીને ભારતને તોડવાનું ષડ્યંત્ર ચાલુ છે. ધર્માંતરણની સમસ્યા દેશવ્યાપી હોવાને લીધે બંધારણમાંની ધારા ૨૫ માં સુધારણા કરીને તેમાંનો ધર્મનો પ્રચાર કરવાu (Propagate Religion) આ શબ્દ કાઢી નાખવો જોઈએ. તે સાથેજ ગોવા સરકારે વિધાનસભામાં આ વિશેનો પ્રસ્તાવ નિશ્ચિત કરીને કેંદ્રસરકારને મોકલવો જોઈએ. આમ કરવાથી જ અવૈધ ધર્માંતરણ પર સંપૂર્ણ પ્રતિબંધ આવી શકશે. પોતાના ધર્મનું પાલન કરવામાં કોઈપણ વાંધો ઊઠાવવાની આવશ્યકતા નથી; પણ અન્યોને ફસાવીને, બળજબરાઈથી અથવા તેમની અસહાયતાનો ગેરલાભ લઈને કરવામાં આવતા ધર્માંતરણ પર પ્રતિબંધ મૂકવાની આવશ્યકતા છે. એવી માગણી સીબીઆયના માજી હંગામી સંચાલક શ્રી. એમ. નાગેશ્વર રાવે પત્રકાર પરિષદમાં કરી.

તેઓ દશમ 'અખિલ ભારતીય હિંદુ રાષ્ટ્ર અધિવેશન'ના તૃતીય દિવસે ફોંડા, ગોવા ખાતે 'શ્રી રામનાથ દેવસ્થાન'ના વિદ્યાધિરાજ સભાગૃહમાં આયોજિત પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા. આ સમયે વ્યાસપીઠ પર હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદ્ગુરુ (ડૉ.) ચારુદત્ત પિંગળે, ખ્રિસ્તી પંથનો ત્યાગ કરીને હિંદુ થયેલા તેલંગાણા ખાતેનાં શ્રીમતી એસ?થર ધનરાજ, છત્તીસગઢ ખાતેના લાખો હિંદુઓની ઘરવાપસી કરનારા ભાજપના પ્રદેશમંત્રી શ્રી. પ્રબળ પ્રતાપસિંહ જુદેવ અને નેપાળ ખાતેના વિશ્વ હિંદુ મહાસંઘના જિલ?લાધ્યક્ષ શ્રી. શંકર ખરેલ ઉપસ?થિત હતા.

આ સમયે સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદ્ગુરુ (ડૉ.) પિંગળેએ કહ્યું કે, ધર્માંતરણ રોકવા માટે હિંદુઓમાં ધર્મજાગૃતિ કરીને તેમને ધર્મશિક્ષણ આપવું જોઈએ. ધર્મશિક્ષણ લઈને ધર્માચરણનો પ્રારંભ કરવાથી કોઈ ધર્માંતરણ કરી શકશે નહીં. ગોવાના મુખ્યમંત્રી શ્રી. પ્રમોદ સાવંતે ધર્માંતરણ પ્રતિબંધ કાયદો કરવાની ઘોષણા કરી છે. તેનું અમે સ્વાગત કરીએ છીએ. તેમજ ગોવા ખાતે ડૉમનીક અને અન્ય ખ્રિસ્તી પ્રચારકો દ્વારા જે ધર્માંતરણ ચાલુ છે, તે રોકવા માટે ગોવામાં ધર્માતરણવિરોધી કાયદો કરવા સાથે જ બંધારણમાં પલટ કરવો જોઈએ. છત્તીસગઢ ખાતેના ભાજપના પ્રદેશમંત્રી શ્રી. પ્રબળ પ્રતાપસિંહ જુદેવે કહ્યું કે, હિંદુઓનું ધર્માંતરણ કરનારી વિદેશ શક્તિઓ પાસે મોટા પ્રમાણમાં પૈસો અને સાધનો છે.

# યુક્રેનના જંગલમાંથી બીજી સામૂહિક કબર મળી : મૃતદેહ કાઢનાર પણ કાંપી ઉઠયા

,કીવ,તા.૧૪

યુક્રેન નું જંગલ જે એક સમયે પાઈન વૃક્ષોની સુંદરતા અને પક્ષીઓના કિલકિલાટ માટે જાણીતું હતું તે હાલમાં લાશોના ઢગલાથી ભરેલું અને ચીતરી ચડે એવું જોવા મળી રહ્યા છે. રાજધાની કિવની સીમમાં આવેલા બુકા શહેર નજીકના જંગલમાં બીજી સામૂહિક કબર મળી આવી છે. આ દ્રશ્ય અતિશય ડરામણાં અને કોઈના પણ હૃદય કંપાવી દેનાર છે. સફેદ તબીબી કપડા પહેરેલા અને માસ્ક પહેરેલા કામદારોએ પાવડાની મદદથી જંગલની માટીમાંથી મૃતદેહોને બહાર કાઢવાનું શરૂ કર્યું. કપડા અને ધૂળથી ઢંકાયેલા મૃતદેહો પર માખીઓ બણબણવા લાગી હતી.

# સત્ય ની આંખે (ભાગ- ૧૫)




## અખંડ સૌભાગ્ય સંતાન સુખ દેનાર વટ સાવિત્રી વ્રત

વટ સાવિત્રી વ્રત પરણેલી મહિલાઓ રાખે છે. અને એ દિવસે વડ વૃક્ષની પૂજા કરવામાં આવે છે. આ વ્રત પરિવારની ખુશી માટે અને પતિના લાંબા આયુષ્ય માટે કરવામાં આવે છે.

આ વર્ષે આ ઉપવાસ ૧૪જૂન ૨૦૨૨ ના ??રોજ હતો.એ પૂનમ નો દિવસ હતો.

માન્યતા મુજબ સાવિત્રીએ વડનાં ઝાડ નીચે બેસીને પતિ સત્યવાનને સજીવન કર્યા. ત્યારથી, આ ઉપવાસ રાખવાનું શરૂ થયું અને આ દિવસે વડ એટલે કે વડવૃક્ષની પૂજા શરૂ થઈ.

વટ સાવિત્રી વ્રતનું મહત્વ

વ્રત વટ સાવિત્રી પતિના પરિવારમાં આયુષ્ય અને સુખ લાવે છે. વટ સાવિત્રી વ્રતમાં 'વડ' અને 'સાવિત્રી' બંનેનું ખૂબ મહત્વ હોય છે. શાસ્ત્રોમાં વડના વૃક્ષને શુભ માનવામાં આવે છે. પુરાણો અનુસાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વડના ઝાડમાં રહે છે. આ વ્રત દરમ્યાન વડના ઝાડની પૂજા કરવાથી આ ત્રણેય દેવ ખુશ થાય છે. જે મહિલાઓ ઉપવાસ કરે છે. વ્રત રાખે છે.તે મહિલાઓ વહેલા સવારે ઉઠે છે અને પૂજા કરે છે. આખો દિવસ પાણી વગર રહે છે. તે જ સમયે, વડ વૃક્ષની પૂજા સાંજે કરવામાં આવે છે. વટ સાવિત્રીની ઉપાસના કરવા માટે વાંસની ટોપલીમાં સાત પ્રકારના અનાજ રાખવામાં આવ્યા છે. જે કાપડના બે ટુકડાથી ઢંકાયેલ છે. દેવી સાવિત્રીની પ્રતિમા પણ બાસ્કેટમાં રાખી છે. વડનાં ઝાડ ઉપર મહિલાઓ પાણી ચડાવે છે અને કુમકુમ, ચોખા ચડાવે છે. પછી વડનું ઝાડ સુતરાઉ ધાગાથી બાંધવામાં આવે છે અને તેના સાત વર્તુળો રોપવામાં આવે છે. પછી, સ્ત્રીઓ વાર્તા સાંભળે છે. પૂજા કર્યા બાદ અને ગોળનો પ્રસાદ વહેંચવામાં આવે છે. એવું મનાય છે કે પૂજા કરતી વખતે જો વડની ફરતે રક્ષાનો દોરો બાંધવામાં આવે તો પતિ ની આયુષ્ય લાંબુ થઈ જાય છે.

એવું માનવામાં આવે છે કે સાવિત્રીએ વડનાં ઝાડ નીચે બેસીને પતિ સત્યવાનને સજીવન કર્યા. ત્યાં સાવિત્રી નામની સ્ત્રી હતી. સાવિત્રીના પતિનું નામ સત્યવાન હતું. એક દિવસ સત્યવાને તેના માથામાં ઘણું દુખવા લાગ્યું. સાવિત્રીએ તેના પતિનું માથું તેના ખોળામાં વડના ઝાડ નીચે મૂક્યો અને તે નીચે સૂઈ ગયો. તે જ સમયે, સાવિત્રીએ જોયું કે યમરાજ ઘણા યમદૂત લઈને આવ્યા છે અને સત્યવાનને પોતાની સાથે લઈ જવા માંડ્યા. આ જોઈને સાવિત્રી પણ યમરાજની પાછળ ગઈ.

સાવિત્રીને તેની પાછળ આવતા જોઈને યમરાજે કહ્યું, "હે પ્રિય પત્ની!" પૃથ્વી સુધી, પત્ની તેના પતિને ટેકો આપે છે. હવે તમે પાછા જાઓ. આ તરફ સાવિત્રીએ કહ્યું કે મારા પતિ જ્યાં રહેશે ત્યાં મારે તેની સાથે રહેવું પડશે. આ મારી પત્ની ધર્મ છે.સાવિત્રીના મોંમાંથી આ જવાબ સાંભળીને યમરાજ ખૂબ પ્રસન્ન થયા. તે સાવિત્રીને ત્રણ વરદાન માંગવા કહે છે. ત્યારબાદ સાવિત્રીએ સાસુ વહુ માટે આંખનો પ્રકાશ માંગ્યો.સસરાની ખોવાયેલું રાજ્ય અને તેના પતિ સત્યવાનના સો પુત્રોની માતાને પાછો શોધ્યો. સાવિત્રીના આ ત્રણ વરદાન સાંભળ્યા પછી, યમરાજે તેને આશીર્વાદ આપ્યા.

પછી સાવિત્રી વડ ના ઝાડ પર પાછા ફર્યા. જ્યાં સત્યવાન મૃત્યુ પામ્યો. આમ સાવિત્રીએ તેના પુણ્યના પ્રભાવથી તેના પતિને જીવંત કર્યા. ત્યારથી વડ વૃક્ષની પૂજા માટેના વટ સાવિત્રી અમાવાસ્યા અને વટ સાવિત્રી પૂર્ણિમાના દિવસે શરૂ થયા. આમ, વટ સાવિત્રી નું વ્રત વિધિસર કરવાથી મહિલાઓ ની ઈરછા પૂરી થાય છે. અને સૌભાગ્ય અખંડ રહે છે.

**મીનાક્ષી રાવલ ,ગાંધીનગર**

# DECOMMISSIONED WARSHIP 'KHUKRI' INAUGURATED AS MUSEUM AT DIU

Ahmedabad

INS Khukri (P49), the first indigenous missile corvªte of the Indian Navy, was transferred to the Diu Administration on 26 January 2022 after 32 years of glorious service to the nation and Navy, to be converted to a ship-museum. Five months later, on 11 June 2022, the Khukri Museum was inaugurated by Shri Amit Shah, Hon'ble Union Home Minister and Minister of Cooperation, in the presence of Shri Praful K Patel, Hon'ble Administrator of Union Territory of DNHDD & Lakshadweep, and Vice Admiral Ajendra Bahadur Singh, PVSM, AVSM, VSM, ADC, FOC-in-C (West). With this, the newly-inaugurated ship-museum and the existing Khukri Memorial that has a scaled-down model of the first INS Khukri (F149), a Blackwood class anti-submarine frigate will be standing symbols of gallant deeds executed by men in the Navy in defending the maritime interests of the nation.

Rear Admiral Manish Chadha, VSM, Flag Officer Gujarat Naval Area, Commodore Nitin Bishnoi, Naval Officer-in-Charge Gujarat, and other naval personnel were also present during the inauguration. During his interactions on the occasion, Vice Admiral Ajendra Bahadur Singh highlighted that the first INS Khukri was lost in action in the 1971 war off Diu. Her reincarnation, the indigenously built corvªte, was commissioned into the Navy in 1989 and served with distinction till being decommissioned in December 2021. The presence in Diu of both INS Khukris - the Museum (second avatar) and a Memorial (first Khukri) is an apt tribute to the valiant crew that manned the two ships. Even more important, it can remind Indian youth of our impressive maritime capabilities and legacy, and inspire them to consider national service as the main purpose and aspiration of their lives.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No-186**
**NOG-સાહિત્ય સરિતા-ગ્રુપ**
વિષયઃ- "આવરે વરસાદ"
શીર્ષકઃ-"મેહૂલો ગાજે ને મનમોજી નાચે"
પ્રકારઃ- પદ્ય
મુક્તિદા કુમાર 'મનચલી'
શબ્દઃ-૧૪૦

આ વરસાદી વાતાવરણ!
ને શું કરુ હુ?
આનંદી માહોલમાં
શુ કરુ હુ?
જ્યારે..
તપતી અંગે અંગ ધરતી મેઘાથી હતી રુસણે!
હા! મેઘાથી રુસણે!
ત્યારે.. પ્રેમના ટીપે ધરતીને ભીંજવી મેઘલે?
ખુશ ખુશાલ ધરતી
અને
એ થકી ખુશખુશાલ હું.
આ વરસાદી વાતાવરણ !
ને શું કરું હું?
આનંદે!
ગરમ-ગરમ ભજિયાં, ને ફાફડા જલેબીથી
ગરમાગરમ ચા જેવી લિજ્જત !?
મેં તો માણી..
આ વરસાદી માહોલની મઘમઘતી માટીની જન્નત
મહેકતી હવાઓને સ્પર્શતાં રે સ્પંદન!
વરસાદી માહોલના અવિરત આનંદમાં
આનંદે રેલાઈ
ઊર્મિનુ શું કરૂં?
ધરતી તપ તપતી, પછી?
વરસાદી વાતાવરણ.
શું કરું? આ વરસાદી રંગતમાં
શું કરું હું???
મેહુલો ગાજે ને મનમોજી નાચે ..
અનંત બ્રહ્માંડ આજ આનંદે રાચે!
ઓગનના પાણીને લોક જોવા ઊમટ્યા,
વારિને "રક્તતિલક" કરતા ધમાલ ત્યાં,
આનંદે ઊમટ્યા છે
એજ લોક આજે!
છે વરસાદી વાતાવરણમાં
મીઠી સુગંધ
મઘમઘતી માટીની
મીઠી સુગંધ
વરસાદી વાતાવરણ,
તો શું કરુ?હું??
વધામણે લાપસી,ભજિયાં ને મેઘલડુ !
સાથે મઘમઘતી માટીની
મીઠી સુગંધ

---

**NOG SS NO - 0037**
નામ - હેમલતા દિવેચા ( હેમ )
વિષય - આવરે વરસાદ.
વિભાગ - પદ્ય.
શીર્ષક - ઝાકળ ભીના સપના.

હે,ઇશ્વર,
સૃષ્ટી ચક્ર અવિરત ચાલતું રહે,
અવનવા સ્વરૂપે તારાં હોવાનો અહેસાસ થાય.
ચોમાસામાં ધોધમાર વર્ષે,
તો તને વરસાદ કહું.....!
ઉનાળે અગન જ્વાળામાં,
શીત લહેર બની આવે તો તને,પવન કહું...!
શિયાળાની ગુલાબી ઠંડીમાં,
સફેદ ચાદર ઓઢી આવે,
તો તને ઝાકળ કહું....!
સાગરના ખારાં જળ,
અમૃત બની વર્ષે,તારી અનુભૂતિ.
ઝાકળ ભીના સપના મારાં
તું સજાવે,તું. સાચાં કરે.
હેમલતા દિવેચા " હેમ " જૂનાગઢ.

---

**NOG SS NO - 0032**
નામ - મીના માંગરોલીયા મીનુ
વિષય - આવરે વરસાદ.
વિભાગ - પદ્ય.
શીર્ષક - મન- મેઘધનુષ
શીર્ષક- મન-મેઘધનુષ

વરસાદી ટહૂકા કરે વાદળ અને વીજળી,
ધરતીથી વળતાં ટહૂકા કરે મોર અને ઢેલડી.
મોરના ટહૂકા લાગે મીઠાં, ઢેલડી શરમથી ઢળે,
વરસાદની રાહ જુવે ચકોર ચાતક આ પળે.
સાંજ ઢળે અને સૂતા વાદળ નીંદરમાંથી જાગે,
ગડગડાટ કરતાં આમતેમ જોઈને આજ ભાગે.
આવી છે મેહુલિયાની સવારી વાજતે ગાજતે,
લોકો સ્વાગત માટે છે તૈયાર વાજતે ગાજતે.
"આવ રે વરસાદ" છબછબિયા સાથે કરીએ,
એકબીજા સાથે આપણે ગપસપીયા કરીએ.
મેઘધનુષ રંગાયુ છે આજ એના સપ્ત રંગે,
મન- મેઘધનુષ રંગાયુ છે આજ મીનુનાં સપ્ત રંગે.
મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ.

**NOG SS No: 0089**
વિષય વરસાદ
શીર્ષક મેહુલિયો
પ્રવિણા

વાદળ ઉમટયા ,ઘનઘોર ઘટા છાઈ , ઝરમર ઝરમર મેહુલિયો વરસ્યો .
અંગ અંગ ભિંજાઈ, ગ્રીષ્મ ને આપી વિદાય . ઢેલ નાચી ઉઠી , મોરલા એ કળા કરી .આભે મેઘ ધનુ રચ્યું .
આવી સુંદર ઋતુ આંગણે આવે ત્યારે હૈયું થનગની ઉઠે. આ ઉંમરે પણ વરસાદની હેલીમાં પલળવાનું મન થાય.
ચોપાટીના દરિયા કિનારે બચપનમાં શીંગ ચણા ફાકતા ચાલતા હોઈ એ તે દ્રશ્ય નજર સમક્ષ તરવરે.
તોફાની દરિયો અને તેમાં આવતા મોજા જાણે કિનારાને આલિંગન આપવા ઉત્સુકતાથી ધસી આવતા જણાય.
કોલેજથી ઘરે આવીએ ને મા સુંદર આદુ , ફુદીનો, મસાલો અને એલચીવાળી ચા પીવડાવે. રાતના ગરમા ગરમ વઘારેલી ખીચડી , ભાજીનું શાક અને પાપડ જમાડે .
આ ઋતુ ટાણે બાળપણમાં લટાર મારવાની મઝા આવે.
સ્લેટર રોડ પર ઘુંટણ સમાણા પાણી ભરાય , બસો બંધ પદયાત્રા કરતા ઘરે પહોંચવાનું.
આવ રે વરસાદ
ઘેબરિયો પ્રસાદ
ઊની ઊની રોટલીને
કારેલાનું શાક
બસ તું આવ, ધરતીને હરિયાળી બનાવ . તારા અમીથી ઉભરતા છાંટણાંની આતુરતા પૂર્વક રાહ જોવાયછે.
મેહુલિયા તું મન મૂકીને વરસ.
તું બુઝાવ મારી તરસ

---

**NOG SS. No. -- 39**
વિષય - આવ રે વરસાદ
પ્રકાર - પદ્ય - અછાંદસ
શબ્દો - ૭૩
શીર્ષક -- અમૃતધારા

આવ રે વરસાદ કહી આવકારું!
મોંઘેરા મેઘને ભજિયાની મોજ કરાવું!
રસ-રોટલી ને કારેલાનું શાક બનાવું!
વરસાદની વાછટને વ્હાલથી ઝીલું!
છંટાયા જળબુંદ ધરા પર,
આભેથી વરસ્યું અમૃત ધરા પર!
તપ્ત ધરાની તૃષા જોઈને,
મેઘરાજાએ કર્યું આગમન ધરા પર!
તૃપ્ત થશે આખી પ્રકૃતિ,
રિમઝિમથી રમ્ય લાગશે સૃષ્ટિ !
ગરમીનો દૂર થશે કાળો કહેર!
ઠંડકની લહેરાશે લહેર!
પશુપંખી હરખે કરે કલશોર,
મોરલો બને માનવમન!
ઝોલે ચઢશે યૌવન ભરપૂર,
નિસર્ગમાં ફેલાશે ઉમંગની લહેર!
પ્રફુલ્લા "પ્રસન્ના"

---

**N O.G.SS.NO. - 0026**
વિષય - આવ રે વરસાદ!
વિભાગ - પદ્ય (એક ગીત)
શીર્ષક - મેહુલિયા હવે તો આવ!

સૂકાયા નીર સૌ નદીઓ, તળાવોનાં ને સૂકાયા કૂવા ને વાવ,
આંખેથી અશ્રુની ધારા વહે છે પણ સૂકાયા હૃદયાના ભાવ,
મેહુલિયા હવે તો આવ!
સૂકાયાં વાવેલાં બીજો સૌ ખેતરમાં,
ખેડૂએ ખોઈ છે હામ,
અષાઢી આવીને ઊભો છે આંગણિયે,
તોયે ન તારા મુકામ!
ઝાડ, પાન, ઢોરાં ને માનવની આંતરડી ,
એવી તો ના કકળાવ,
મેહુલિયા હવે તો આવ!
ધખતી ધરાને આવી ટાઢી તું પાડ કેવો આકરો છે સૂરજનો તાપ,
પાણીનાં વલખાં ને હૈયાનાં હેતને તું ,
આવી રીતે ના સૂકાવ,
કાળી સૌ વાદળીઓ આવીને ઊડી જાતી,
વરસીને બતાવને પ્રભાવ,
મેહુલિયા હવે તો આવ!
અંજના ગાંધી " મૌનુ", વડોદરા

---

**NOG SS No: 0078**
વિષય - આવ રે વરસાદ..
પ્રકાર - પદ્ય ( ડબલ કાફિયા ગઝલ)
શીર્ષક - આવે તો...!

જો આ વર્ષે બધે જગમાં અલગ વરસાદ આવે તો?
અને એકેક ફોરાં ઐક્યનો સંવાદ લાવે તો?
ટપાટપ આભમાંથી વહાલ વરસાવે અનેરું જ્યાં;
ઉગે ત્યાં કૂંપણો એ પ્રેમનો બસ નાદ વાવે તો ?
છે ગોળો એક , એના કેટલા કટકા, વિચારો તો;
હવે એના ઉપર ના કોઈ પણ વિખવાદ ફાવે તો?
ગગન આવે ધરાની પાસ મહિનાઓ પછી એથી;
વિરહનાં અશ્રુઓનો છે ટીપાંનો સ્વાદ ભાવે તો !
બધાની આંખનો, હૈયાનો કર વરસાદ ભેગો ઈશ;
ધરા જીતે અગર મૂકે ગગનથી સાદ દાવે તો!
બરાબર દરવખત એનું કરે છે કામ વરસાદેય;
હતી સૂકી, ભીની થઈ એ જ "શ્વેતા" યાદ તાવે તો?
શ્વેતા તલાટી

# અમદાવાદના પાલડીમાં સ્વચ્છતા અભિયાન ચલાવીને નાગરિકોને પ્રેરિત કરતાં રાજ્યપાલશ્રી

મદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના સંયુક્ત ઉપક્રમે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે વૃક્ષારોપણ તથા રેગપીકર્સને સુરક્ષા કિટનો વિતરણનો સમારંભ અમદાવાદ રિવરફ્રન્ટ પર બાયોડાયવર્સિટી પાર્કની નજીકમાં યોજવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીએ સમારંભની પૂર્વે પાલડી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ચલાવીને શહેરના નાગરિકોને સ્વચ્છતા માટે પ્રેરિત કર્યા હતા. રાજ્યપાલશ્રીની સાથે ઉપસ્થિત મહાનુભાવો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આ કાર્યક્રમને સંબોધતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજભવન દ્વારા દર મહિને સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવે છે. રાજ્યપાલશ્રીએ સ્વચ્છતા પ્રત્યેની આપણી બેદરકારીનો ઉલ્લેખ કરવાની સાથે સાથે સફાઈ પ્રત્યેનો અભિગમ બદલવા માટે આહ્વાન આપ્યું હતું. મોટા માણસો ગંદકી કરે અને નાના માણસોએ સફાઈ કરવાની, એવી દૂષિત માનસિકતા પર પ્રહાર કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે આ માનસિકતા બદલવાની જરૂર છે, ખરેખર તો ગંદકી કરનારો નાનો અને ગંદકીને સાફ કરનારો મોટો ગણાવો જોઈએ.

સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકનો ધર્મ છે, એવું જણાવીને રાજ્યપાલશ્રીએ દરેક વ્યક્તિ પોતાના જન્મ દિવસે તથા લગ્નની વર્ષગાંઠ જેવા પ્રસંગોએ એક વૃક્ષ વાવે અને તેનો ઉછેર કરે, એવો અનુરોધ કર્યો હતો અને આ માટે જનઆંદોલન ચલાવવા આહ્વાન આપ્યું હતું.

વૃક્ષારોપણ થકી જ આપણે ગ્લોબલ વૉર્મિંગને રોકી શકીશું અને આવનારી પેઢીઓને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન પ્રદાન કરી શકીશું. કોરોનાએ આપણને ઓક્સિજનનું મહત્ત્વ સમજાવ્યું છે ત્યારે આપણને આજીવન ઓક્સિજન આપનારા વૃક્ષો વાવવાં જોઈએ અને વૃક્ષારોપણનું મિશન ચલાવવું જોઈએ, એવું રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા પણ રાજ્યપાલશ્રીએ અપીલ કરી હતી.

સ્વચ્છ શહેર થકી આપણે ટૂરિસ્ટોને પણ આકર્ષી શકીશું એવી વાત કરીને તેમણે અમદાવાદ શહેરની સ્વચ્છતા જાળવવા માટે કોર્પોરેશનને બિરદાવ્યું હતું.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે આંબાના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પ્રસંગે કુલ સાત આંબા રોપવામાં આવ્યા.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે ૧૦ મહિલા રેગપિકર્સને સુરક્ષા કિટનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલે, એએમસીના કમિશનર શ્રી લોચન સહેરા, ડેપ્યૂટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, સ્થાનિક ધારાસભ્ય શ્રી રાકેશ શાહ, છસ્ઙ્ઞના હોદ્દેદારો, જિલ્લા વહીવટી તંત્ર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના અધિકારીશ્રીઓ, સામાજિક કાર્યકરો વગેરે સહભાગી થયા હતા.



શ્રીનાથજી મંદિર ઘસિયારમાં નાવ નું ભવ્ય મનોરથ નાથદ્વારા ટેમ્પલ બોર્ડના સીઈઓ આદરણીય મહોદય શ્રીમાન જીતેન્દ્ર જી ઓઝા સાહેબે મુલાકાત લીધી હતી, એમની સાથે ઔપચારિક મુલાકાત થયી કેન્દ્રીય ઉપાધ્યક્ષ આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના અને શ્રી ગુજરાતી સમાજ ઉદયપુર ના અધ્યક્ષ રાજેશ બી. મહેતા પણ હજાર રહિયા હતા.



સમસ્ત વિશ્વ કલ્યાણ તેમજ કોરોના માં મૃત્યુ પામેલા દિવંગત આત્માઓના કલ્યાણ માટે ભાગવતાચાર્ય શ્રી વિજયભાઈ શાસ્ત્રીજી(સુરત) જે અવર નવર આવા ધર્મ ના કાર્યો તથા જ્ઞાન શિબિરો નું નિસ્વાર્થ પણે આયોજન કરે છે તથા નાની ઉંમરે ઘણી બધી વિદ્વત્તા ધરાવે છે જેઓ ઘણી બધી સામાજિક સંસ્થાઓ,શૈક્ષણિક સંસ્થાઓ,તથા વૃદ્ધાશ્રમો સાથે કાર્યરત છે તેમના શ્રી મુખેથી શ્રીમદ્ ભાગવત નુ જ્ઞાન આપ્યું તેમજ કથાના આચાર્ય શ્રી પરેશભાઈ દવે તથા રોહિત ભાઈ જોશી કુણાલ ભાઈ જાની, સંગીતકાર હિતેશ ભાઈ ગોહિલ, ધર્મેશભાઈ રાઠોડ તેમજ સમસ્ત કૃષ્ણ મહિલા મંડળ (સુરત) પરિવાર તથા તમામ ભાવિક ભક્તોએ કથાનું રસપાન કર્યું અને ભાગવત મય બન્યા. સમગ્ર કથા નુ પ્રસારણ વિશ્વાસ સ્ટુડિયો (લાલજી ભાઈ આહિર) દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાજપે મધ્યપ્રદેશ શહેરી સંસ્થાઓની ચૂંટણી પસંદગી સમિતિમાંથી પ્રજ્ઞા ઠાકુરને હાંકી કાઢ્યા?



ભોપાલ,તા.૧૪

માલેગાંવ બ્લાસ્ટના આરોપી અને ભોપાલના બીજેપી સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુરનું નામ ભોપાલ શહેરી સંસ્થાઓની ચૂંટણી પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યું નથી. પોતાની ટિપ્પણીઓથી ભાજપ માટે ઘણીવાર મુશ્કેલી સર્જનાર પ્રજ્ઞાએ ટ્વીટ કર્યું છે કે જ્યાં મૃતકો પણ આગથી ડરે છે ત્યાં અમે અગ્નિ પ્રગટાવીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે તમામ પ્રશ્નોનો એક જ જવાબ છે કે હું પાર્ટી સંગઠનના નિર્ણયનું સન્માન કરું છું.

ચાર દિવસ પહેલા નુપુર શર્માનો બચાવ કરતા ટ્વીટ કર્યું હતું કે જો સાચું બોલવું એ વિદ્રોહ છે તો હું પણ બળવાખોર છું. તે જ દિવસે સમિતિની જાહેરાત કરવામાં આવી હતી. એમપી ભાજપે ગ્વાલિયર-ચંબલ, સાગર, શહડોલ-રીવા, ઈન્દોર, ઉજ્જૈન, ભોપાલ-નર્મદાપુરમ અને જબલપુર વિભાગ સહિત સાત વિભાગોમાં આગામી મહિને થનારી શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે પક્ષના ઉમેદવારોની પસંદગી માટે વરિષ્ઠ નેતાઓની પસંદગી પેનલની રચના કરી હતી.

ભોપાલ-નર્મદાપુરમ મંડળ (જેમાં ત્રણ લોકસભા બેઠકો, ભોપાલ, વિદિશા અને હોશંગાબાદનો સમાવેશ થાય છે) માટે નવ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં વિદિશા બેઠક પરથી પ્રથમ વખત સાંસદ બનેલા રમાકાંત ભાર્ગવ, હોશંગાબાદ બેઠકના સાંસદ ઉદય પ્રતાપ સિંહનો સમાવેશ થાય છે, પરંતુ પ્રજ્ઞા સિંહ ઠાકુરને સમિતિમાં સામેલ કરવામાં આવ્યા નથી.

પ્રજ્ઞા ઠાકુરે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ સાંસદ સીએમ દિગ્વિજય સિંહને ભોપાલ લોકસભા બેઠક પરથી ૩.૬૫ લાખથી વધુ મતોથી હરાવ્યા હતા પરંતુ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેને દેશભક્ત તરીકે વખાણવા સહિત વારંવારના વિવાદાસ્પદ ભાષણો તેમના માટે પક્ષના ઉચ્ચ અધિકારીઓ સાથેના સંબંધો સારા નહોતા.

# ખાલી ખુરશીની આવભગત

સ્થળઃ ભંગાર ખુરશીઓનું ખખડધજ ગોડાઉન

પાત્રોઃ હાથા તૂટેલી, પાયા તૂટેલી, નેતર તૂટેલી, કલર ઉખડેલી, વળી ગયેલી, પૈડાં નીકળી ગયેલી ખુરશીઓ.કણસતી, સિસકતી, ટાઢા ટાઢા નિસાસા ( હવે વરસો પછી ઉના , ગરમ અને ફળફળતા નિસાસાની અપેક્ષા રાખી ખુરશીઓને શરમાવશો નહીં!

નોંધઃ અમારી સાથે બીપી, ડાયાબિટીસના દર્દીઓએ યાત્રા કરવી નહી. કોરોનાના કારણે નહીં પણ ધૂળ, ભેજ, બાબુને લીધે સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે તે માટે માસ્ક પહેરવું!!

વિશેષ સૂચનાઃ આ એક સંપૂર્ણ સાયલન્સ ઝોન હોઇ પંદર ડેસિબલથી વધુ શોરબકોર કરવો નહીં!!

પ્રકાશઃ નળિયાંના છીદ્રોમાંથી ચળાઈને આવતો સૂર્ય પ્રકાશ સ્પોટ લાઇટની જેમ ચોક્કસ ચીજ ફોકસ કરે છે

સંગીતઃ રામ સે હોરરની થર્ડ કલાસ સસ્પેન્સના કંડમ મ્યુઝિક

ટીપ્પણઃ વર્તમાનપત્ર દ્રશ્ય માધ્યમ છે. ટુ ડી છે. અમારો હાસ્યલેખ( લેખકડા તું શેનો પ્રકાર નક્કી કરે છે. કશુંક કદરદાન વાંચકો પર છોડ!!) થ્રીડી છે. જગતનો એકમાત્ર પહેલો અને છેલ્લો લેખ છે!!

આટલી લાઘવયુકત ( કોણ હસ્યુ?લાઘવ આટલું પ્રલંબ છે તો વિગતપ્રચુર કેટલું પ્રપ્રલંબ હશે???)પ્રસ્તાવના સહ પ્રસ્તુત છે ખુરશીઓની વેદના!! ( સાલ્લું ભૂલભૂલમાં પણ જામી ગયું. હંગતા બકડિયું. સોરી ડિલિટ મારજો. બગાસું ખાતાં પતાસું. આ જ છાપશો )

“ આજકાલની ચિબાવલી, તકવાદી, તકલાદી ખુરશીઓ કંઇ કરે નહીં ને છાપે ચડે'' માર્ગદર્શક મંડળમાં સમાવિષ્ટ એવી ખુરશીએ નુકતેચીની કરી!!

“ હાય હાય! કોઇ ટેબલ જોડે પાયા મળતા ભાગી ગઇ?'' કિટીપાર્ટી કુથલીખોર બટકબોલી ખુરશી બોલી.

“ હા. બોલો હું નહેરૂની ખુરશી છું નહેરૂ મારી

આળપંપાળ ન કરતા એડવિનાની આળપંપાળ કરતા હતા. ખુદની ઉપેક્ષા અને વોહની વાહવાહીની પીડા અભિવ્યકત કરી.

“ હું તો સરદાર સાહેબની ખુરશી છું. સાહેબે મારા કરતા દેશહિતની ખેવના કરી. મને મિડીયામાં ચમકવાની ખેવના ન હતી'' દ્રઢ સ્વરે ખુરશીએ કહ્યું.

“ ભાઇઓ હું પ્રિયદર્શીનીની ખુરશી છું. એક સમયે ઇંદિરા ઇઝ ઇન્ડિયા અને ઇન્ડિયા ઇઝ ઇંદિરા એવું સમીકરણ હતું. તેમની કેબિનેટમાં ઇંદિરાજી મર્દ હતી . જેને અટલજીએ દેવી દુર્ગા કહેલ'' ખુરશીની અંગરક્ષકોએ ગોળીબાર કરતા હત્યા થઇ તેમ કદલીસ્તંભની જેમ ફસડાઈ પડી !!!

“ ભાઇ ગાંધીનગર તો ખુરશીનું નગર છે. અમારા સાહેબ તો ચોવીસ કલાક ખુરશીમાં પ્રાણ પ્રતિષ્ઠિત રહે છે, ખુરશી પર ઊંઘે છે, રખેને કોઇક બેસી જાય!!'' એક ખુરશીએ હ્યુમન ઇન્ટ્રેસ્ટિંગ સ્ટોરી શેર કરી .

“ એક ખાનગી વાત કહું? જયારે આપણા ગુજરાતનું નવું પાટનગર બનવાનું હતું. ત્યારે તેનું નામ પાડવામાં ગાંધીનગરનું નામાભિધાન કરવાનું નક્કી થયું ત્યારે કુર્શીનગર કરવાની વાત વિચારણા હેઠળ હતી!!'' માહિતી ખાતાની ખુરશીએ ઘટસ્ફોટ કર્યો!!

“ગાંધીનગરમાં ખુરશીની ખટખટ છે. ખુરશી મેળવવા ખુરશી અસ્વારને ગબડાવવાના પંચવરસીય આયોજન થાય છે!! લેગપુલિંગ એ રાષ્ટ્રીય રમત છે. જે હોકી, ફૂટબોલ, ક્રિકેટ લોકપ્રિય છે!!''રમતગમત ખાતાની ખુરશીએ ખેલદિલીપૂર્વક વાત કરી.

“એ બધુ તો સમજ્યા પણ પેલી ખુરશીનું શું કરવું છે?''સિનિયર સિટિઝનની ખુરશી બોલી.

“જુઓ.પેલી કેવા સ્વેગથી સ્ટેજ પર બેઠી છે.આમ, તો લેધર, રેકઝિન, વુડનની બનેલી છે. પણ બીજા કરતા અલગ હોવાનો ઠસ્સો છે. મોટા સાહેબ બેઠા નથી તો પણ વરસાદથી બચાવવા રક્ષક છત્રી લઇને ઉભો છે. હવે ગરમીથી બચાવવા ચામર ઢોળે, એક બે ચોપદાર છડા પોકારે તો ભયોભયો!!'' એક મંથરા ખુરશીએ વિષવમન કર્યું!!

ભરત વૈષ્ણવ

---

: કર્યો

સરિતા સાથે સંધિવિરામ
કર્યો,
વનિતા સાથે યુધ્ધવિરામ
કર્યો.
મિસાઈલના ટોપકે પહોંચી
જઈ,
જાત સાથે વિગ્રહ વિરામ
કર્યો.
છેવટે આંખ સાથે આંખ
મળી,
ને નાછૂટકે શબ્દવિરામ
કર્યો.
જાતને પળપળ સાવધાન
કરી,
ને પછી આદેશ દઈ વિશ્રામ
કર્યો.
અસ્વત્છતા સાથે લડાઈ
પૂરી,
કાયમ માટે આરામ હરામ
કર્યો.
જીંદગી સાથે તુમુલ લડાઈ
કરી,
ને છેવટે તો મરણવિરામ
કર્યો.
ભરત વૈષ્ણવ

### કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત કરવાની દિશામાં કોન્ફરન્સ એક મહત્વપૂર્ણ પગલું હશે

# પીએમ ૧૬ અને ૧૭ જૂને ધર્મશાળામાં મુખ્ય સચિવોની પ્રથમ રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે

## ત્રણ વિષયો પર વિગતવાર ચર્ચાઃ NEP, શહેરી શાસન અને પાક વૈવિધ્યકરણનું અમલીકરણ અને કૃષિ કોમોડિટીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭ જૂન, ૨૦૨૨ના રોજ હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં ૐઝ્છ સ્ટેડિયમ ખાતે મુખ્ય સચિવોની પ્રથમ રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે. તે કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હશે. મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદ ૧૫ થી ૧૭ જૂન ૨૦૨૨ દરમિયાન યોજાશે. કેન્દ્ર સરકાર, તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો અને ડોમેન નિષ્ણાતોનું પ્રતિનિધિત્વ કરતા ૨૦૦થી વધુ લોકો કોન્ફરન્સમાં ભાગ લેશે. ત્રણ દિવસનું સત્ર, રાજ્યો સાથે ભાગીદારીમાં ઝડપી અને સતત આર્થિક વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટીમ ઈન્ડિયા તરીકે કામ કરતા, કોન્ફરન્સ ટકાઉપણું, નોકરીઓનું સર્જન, શિક્ષણ, જીવન જીવવાની સરળતા અને કૃષિમાં આત્મનિર્ભરતા સાથે ઉચ્ચ વૃદ્ધિ માટે સહયોગી પગલાં માટે આધાર બનાવશે. આ પરિષદ સામાન્ય વિકાસ એજન્ડાના ઉત્ક્રાંતિ અને અમલીકરણ પર ભાર મૂકશે અને લોકોની આકાંક્ષાઓ પ્રાપ્ત કરવા માટે સંકલિત પગલાં માટે બ્લૂ પ્રિન્ટ પર ભાર મૂકશે.

આ કોન્ફરન્સ માટેનો કોન્સેપ્ટ અને એજન્ડા છ મહિનામાં ફેલાયેલા ૧૦૦થી વધુ રાઉન્ડની ચર્ચા પછી તૈયાર કરવામાં આવ્યો છે. પરિષદમાં વિગતવાર ચર્ચા-વિચારણા માટે ત્રણ થીમ ઓળખવામાં આવી છેઃ (i) રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ; (ii) શહેરી શાસન; અને (iii) પાક વૈવિધ્યકરણ અને તેલીબિયાં, કઠોળ અને અન્ય કૃષિ ચીજવસ્તુઓમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ, શાળા અને ઉચ્ચ શિક્ષણ બંને પર વિચારણા કરવામાં આવશે. દરેક થીમ હેઠળ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેષ્ઠ પ્રથાઓ પરસ્પર શીખવા માટે કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવશે.

મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ કાર્યક્રમ પર એક સત્ર હશે જેમાં ચોક્કસ જિલ્લાઓમાં યુવા કલેક્ટરો દ્વારા રજૂ કરાયેલા ડેટા આધારિત ગવર્નન્સ સહિતના સફળ કેસ અભ્યાસો સાથે અત્યાર સુધીની સિદ્ધિઓ પર ચર્ચા કરવામાં આવશે. 'આઝાદી કા અમૃત મહોત્સવઃ રોડમેપ ટુ ૨૦૪૭' પર એક વિશેષ સત્ર હશે અને બિઝનેસ કરવાની સરળતા માટે પાલનનો બોજ ઘટાડવા અને નાના ગુનાઓને ડિક્રિમિનલાઈઝેશન પર ચાર વધારાના વિષયોનું સત્ર હશે; કેન્દ્ર - યોજનાઓના સંતૃપ્તિ કવરેજને હાંસલ કરવા અને લાસ્ટ માઈલ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સંકલન; પીએમ ગતિ શક્તિ દ્વારા ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પરિવર્તન; અને ક્ષમતા નિર્માણઃ ૈર્ - મિશન કર્મયોગીનું અમલીકરણ.

પરિષદના પરિણામો પર પછીથી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની મીટિંગમાં ચર્ચા કરવામાં આવશે, જ્યાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય પ્રધાનો અને વહીવટકર્તાઓ હાજર રહેશે, જેથી ઉચ્ચ સ્તરે વ્યાપક સર્વસંમતિ સાથે કાર્ય યોજનાને અંતિમ સ્વરૂપ આપી શકાય.

## આહવા ખાતે આજથી 'વંદે ગુજરાત પ્રદર્શન અને સાપ્તાહિક મેળોનો પ્રારંભ કરાશે

આહવાઃ તાઃ ૧૪ : રાજય સરકારના ૨૦ વર્ષના સુશાસન અને કેન્દ્ર સરકારના આઠ વર્ષના પરિશ્રમની ઝાંખી કરાવતા 'વંદે ગુજરાત પ્રદર્શન-વ-સાપ્તાહિક મેળાનો આજથી ડાંગ જિલ્લામા શુભારંભ થઈ રહ્યો છે. આજે સાંજે ૪ વાગ્યે આહવાના ડાંગ સેવા મંડળના પરિસરમા આયોજિત આ પ્રદર્શન-મેળાના ઉદઘાટન કાર્યકર્મમા, રાજયના કલ્પસર અને મત્સ્યોધોગ-વ-નર્મદા, જળ સંપતિ અને પાણી પુરવઠા રાજયમંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. તેમની સાથે સાંસદશ્રી ડો. કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, અને ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે, તેમ આયોજકો દ્વારા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની છેલ્લા ૨૦ વર્ષની ઝાંખી કરાવતા પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સમા સ્વ સહાય જૂથો, તથા હેન્ડીક્રાફટના કારીગરોના જુદા જુદા ૫૦ જેટલા સ્ટોલ્સના માધ્યમથી આજીવિકા ઉભી કરવાનો પણ સ્તુત્ય પ્રયાસ હાથ ધરાયો છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

### ડાંગ જિલ્લો પણ બનશે યોગમય

# આઠમા આંતરરાસ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અગાઉ તા. ૧૪ મી જુન થી સતત આઠ દિવસ થીમ આધારીત કાર્યક્રમોનુ આયોજન



આહવાઃ તાઃ ૧૪

આઠમા આંતરરાસ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે, આઠ દિવસ અગાઉથી જ થીમ આધારીત કાર્યક્રમોની શરૂઆત, ડાંગ જિલ્લામાં થઈ ચુકી છે.

તા. ૨૧ મી જૂન- વિશ્વ યોગ દિવસની ઉજવણીનાં ભાગરૂપે આહવાની સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે કાર્યરત વેલનેસ સેન્ટરના યોગ હોલ ખાતે તા. ૧૪ થી ૨૧ જૂનના રોજ દરરોજ સવારે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન યોગ પ્રોટોકોલ મુજબના થીમ આધારીત કાર્યકર્મનુ આયોજન કરાયુ છે.

જુદા જુદા રોગ પરત્વે પ્રજાજનોમાં વ્યાપક જાગૃતિ કેળવવાના ઉદ્દેશ સાથે આયોજિત આ કાર્યકર્મ મુજબ (૧) તા. ૧૪ નાં રોજ- યોગ અને પ્રાણાયામનું સ્વાસ્થ્યમાં મહત્વ, (૨) તા. ૧૫ નાં રોજ શ્વસનતંત્રના રોગોમાં યોગનું મહત્વ, (૩) તા. ૧૬ નાં રોજ ડાયાબિટીસમાં યોગ અને આયુર્વેદ, (૪) તા. ૧૭ નાં રોજ પેટના વિવિધ રોગોમાં યોગ અને આયુર્વેદ, (૫) તા. ૧૮ નાં રોજ સાંધાના દુઃખાવાના વિવિધ રોગોમાં યોગ અને આયુર્વેદ, (૬) તા. ૧૯ નાં રોજ ચામડીના રોગોમાં યોગ અને આયુર્વેદ, (૭) તા. ૨૦ નાં રોજ માનસિક રોગોમાં યોગ અને આયુર્વેદ, તથા (૮) તા. ૨૧ જુનનાં રોજ યોગ અને આયુર્વેદનુ સ્વસ્થ જીવનશૈલીમા મહત્વ વિષયક કાર્યકર્મનુ આયોજન કરાયુ છે. વિશ્વ સમસ્તમા યોગ અને આયુર્વેદ વધતા વ્યાપને ધ્યાનમાં રાખી, આપણે સૌ ભારતિયો પણ આપણી પરંપરાગત જીવનશૈલીને સમજીને, તેનો રોજિંદા જીવનક્રમમા સમાવેશ કરી શકીએ, તે માટે સૌને આ કાર્યકર્મનો લાભ લેવા, ડાંગ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં ઝી-૨૪ કલાક ન્યુઝ ચેનલ દ્વારા 'વિશ્વાસના ૨૦ વર્ષ' વિષય પર યોજાઈ કોંકલેવ

## ૨૦ વર્ષનો વિશ્વાસ ઉભો કરવોએ બહુ મોટી વાત છે અને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશ અને દુનિયાને દેખાડી દીધું છે -: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ઝી-૨૪ કલાક ન્યુઝ ચેનલ દ્વારા' વિશ્વાસના ૨૦ વર્ષ' વિષય પર આયોજિત કોંકલેવમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિનો નવો માર્ગ અપનાવ્યો છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાતનો ઉત્તરોતર વિકાસ થઈ રહ્યો છે. ૨૦ વર્ષનો વિશ્વાસ ઉભો કરવો એ બહુ મોટી વાત છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને દેખાડી દીધું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સાબરમતી રિવરફ્રન્ટનું ઉદાહરણ આપતા કહ્યું કે, આપણે સૌ જાણીએ છીએ કે સાબરમતીની સ્થિતિ ૨૦ વર્ષ પહેલા કેવી હતી અને આજે કેવી છે. આજે દેશ અને દુનિયામાં પર્યટકો સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લઈ રહ્યા છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સામાન્યમાં સામાન્ય માનવી અને છેવાડાના માનવીના વિકાસમાં કોઇ તકલીફ ન પડે એ પણ તે મુજબનો વિકાસ કર્યો છે. આજે કરોડો રૂપિયાના વિકાસનાં કામો રાજ્યમાં થઈ રહ્યા છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે રાજયમાં ગામે-ગામ પીવાના પાણી અને વીજળીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ગામે ગામ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે જેના કારણે સરકારી દવાખાના અને પ્રાઈવેટ હોસ્પિટલો ઝડપથી બની રહી છે, આમ દરેક સુવિધા ગામ, તાલુકા અને જિલ્લા સુધી સરકાર દ્વારા પહોંચાડવામાં આવી રહી છે. આ સુવિધાના કારણે શ્રી નરેન્દ્રભાઈની સરકારે જનતાનો વિશ્વાસ જીત્યો છે તેમણે વધુમાં ઉમેર્યું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ -સૌનો વિકાસ ,સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ વધવા માટે સતત પ્રોત્સાહન આપ્યું છે. કોઈપણ નાત-જાત અને ધર્મના નાગરિકો પણ વિકાસની કેડી પર સતત આગળ વધે તેવા કાર્યો અને પ્રયાસો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું કે કોવિડની મહામારીમાંથી ભારત દેશને મુક્ત કરાવવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવી પહેલ સ્વરૂપે દેશના નાગરિકોને ફ્રી રસી આપવાનું વચન પૂર્ણ કર્યું છે.

મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું કે ઘરના ઘરની કિંમત જેમની પાસે ઘર ના હોય અથવા નાના કે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને સુપેરે ખ્યાલ હોય છે એવા લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર રાજ્યના નાગરીકો માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ક્ષેત્રે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હરહંમેશ કટિબદ્ધ છે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ હતું કે ગુજરાતમાં ૨૦ વર્ષમાં ધોરણ ૧ થી ૮નો સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો ૩૮% થી ઘટીને ૩ થી ૪ % સુધી આવી ગયો છે.

અંતમાં મુખ્યમંત્રીશ્રીએ આપણે સૌ સાથે મળીને શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પ 'આત્મનિર્ભર ભારત' બનાવવા કટિબદ્ધ થઈએ એવી સંકલ્પના વ્યક્ત કરી હતી.

આ અવસરે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રમ અને રોજગાર મંત્રી બ્રિજેશભાઈ મેરજા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, ઝી ૨૪ કલાક ચેનલના હેડ શ્રી દીક્ષિત સોની તેમજ ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

ગોપાલ મહેતા / વ્રજ મણીયાર

# સરકારે ભરતસિંહ સોલંકીને ગનમેન સાથે ફૂલ ટાઈમ સુરક્ષા આપી

અમદાવાદ,તા.૧૪

કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકી છેલ્લા થોડા દિવસોથી સતત ચર્ચામાં રહ્યા છે. તાજેતરમાં પારિવારિક કલેશને કારણે તેઓ ચર્ચામાં આવ્યા છે. હવે સમાચાર પ્રાપ્ત થયા છે કે ગુજરાત સરકાર તરફથી ભરતસિંહ સોલંકીને ૨૪ કલાક સુરક્ષા આપવામાં આવી છે. વીડિયો વિવાદ બાદ ભરતસિંહે પોતાના પર હુમલો થવાની આશંકા વ્યક્ત કરી હતી. જે બાદમાં સરકારે તેમને ફૂલ ટાઈમ એક ગનમેન સાથે સુરક્ષા આપી છે.

ઉલ્લેખનીય છે કે વીડિયો વિવાદ બાદ ભરતસિંહ સોલંકીએ થોડા સમય માટે સક્રિય રાજકારણમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી. હવે આગામી સમયમાં ભરતસિંહ સોલંકી સામાજિક સંમેલનો યોજશે.ત્રીજી જૂનના રોજ કૉંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ મીડિયા સમક્ષ આવીને પોતાની પત્ની સાથે ચાલી રહેલા વિવાદ મામલે અનેક ખુલાસા કર્યાં હતા. ભરતસિંહ પ્રેસ કોન્ફરન્સમાં પત્ની રેશ્મા પટેલ વિરુદ્ધ અનેક આક્ષેપ કર્યાં હતા. તેમના કહેવા પ્રમાણે તેમની લગ્નના ૧૫ વર્ષ સુધી તેમણે બાંધી મુઠ્ઠી રાખી હતી. આ પ્રસંગે ભરતસિંહે એવો પણ આક્ષેપ કર્યો છે કે, પત્નીએ તેમને મારી નાકવા માટે દોરા-ધાગ પણ કર્યાં છે. ભરતસિંહના કહેવા પ્રમાણે અમિત ચાવડા ના પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામા બાદ નવા પ્રદેશ પ્રમુખની પસંદગી પહેલા તેમને ટાર્ગેટ કરવાની શરૂઆત થઈ હતી. સાથે જ ભરતસિંહે એવી વાત કરી હતી કે, જો કોઈ સ્વીકારવા તૈયાર હશે તો તેઓ ત્રીજા લગ્ન પણ કરશે. આ સાથે જ ભરતસિંહ રાજકારણમાંથી થોડા સમય માટે બ્રેક લેવાની જાહેરાત પણ કરી હતી. સાથે જ તેમણે જણાવ્યું છે કે તેઓ સંગઠન માટે કામ કરતા રહેશે. સાથે જ રાજકારણમાંથી બ્રેક લેવાનો નિર્ણય અંગત હોવાનું ભરતસિંહે જણાવ્યું હતું.

# કેલિફોર્નિયા લોસ-એન્જલસમાં નવ નિર્માણ થનાર ' શ્રીજી મંદિર 'ના લાભાર્થે શ્રી મદ્ ભાગવત સપ્તાહ યોજાઈ ગઈ

સધર્ન કેલિફોર્નિયાના 'બેલ ફલાવર ' સીટી મધ્યેના શ્રીજી મંદિરના લાભાર્થે વૈષ્ણવ આચાર્યશ્રી યદુનાથજી મહોદયશ્રીની નિશ્રામાં ' શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું.



શ્રીજી મંદિરના નવ નિર્માણ થનાર હવેલી માટે સમગ્ર વૈષ્ણવ સમાજે આ શુભ કાર્ય માટે ખૂબજ ઉત્સાહ પૂર્વક યોજાયેલ સપ્તાહમાં ભાગ લઈને પોતાનો યથા શક્તિ ફાળો અર્પણ કરીને પોતાની શ્રીજી પરત્વેની શ્રધ્ધા ને વધુ દ્રઢ બનાવી.

આ સપ્તાહના સાતેય દિવસ વલ્લભાચાર્યશ્રી યદુનાથજીની નિશ્રામાં વિવિધ પ્રસંગોને વણી લઈને ભાવિક વૈષ્ણવોને કથામાં રસતરબોળ કર્યા. સંગીત સેવામાં શ્રીમતિ જયશ્રીબેન ગોહિલ, શ્રી ગોપાલભાઈ શ્રોફ તથા અન્ય સાથી સાજીંદાઓ એ અનન્ય ફાળો આપ્યો.

સંસ્થાના વ્યવસ્થાપકો શ્રી ભાર્ગવ પટેલ,રેખાબેન બજોરીયા,શ્રી ભાષ્કર શાહ,પ્રકાશ મહેતા, રાજેષ પુરાની, સ્મીતા પટેલ,ધર્મેશ શાહ, હર્ષદ શાહ, યશવંત શાહ,જૈમિન શાહ તેમજ અન્ય સ્વયંમસેવકોની સેવા અપ્રમિત રહિ.


સપ્તાહ દરમ્યાન પ્રીતિ ભોજ ની સુંદર વ્યવસ્થા બિરદાવવી રહી. આચાર્યશ્રી એ ગોપીભાવ,મહાભાગા,કૃપાર્દષ્ટિ, લગુરાસ,સાધના અને આરાધના, મહારાસ, ગોપીગીત, વેણું,રેણું, ધેનું, નેત્રવધ,નંદનંદન,રુક્ષ્મણી વિવાહ, વગેરેની વિષદ છણાવટ કરી વૈષ્ણવોનો રાજીપો મેળવ્યો.

સુંદર સેવા કાર્યો તથા ઉત્તમ વ્યવસ્થા બદલ સર્વ કાર્યકરોનો આભાર. નવ નિર્માણ થનાર શ્રીજી મંદિર માટે સૌ પોતાનો ફાળો આપે તેવી અભ્યર્થના વ્યક્ત કરવામાં આવી. ટૂંક સમયમાંજ આ સ્થળે વૈષ્ણવોની અપેક્ષા સંતોસાય તેવી પ્રથના.

(માહિતીઃ- હર્ષદરાય શાહ અને તસ્વિરઃ-કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

### વટસાવિત્રી વ્રત કથા સાંભળવાનું મહાત્મ્ય

# વટ સાવિત્રી વ્રત.. સૌભાગ્ય અને પતિની લાંબી ઉંમર માટે વડ ની પૂજા



મહિલા પોતાના પતિ ના લાંબા આયુષ માટે વટ સાવિત્રી વ્રત કરે છે જેઠ સુદ તેરસે આ વ્રત નો આરંભ થાય અને જેઠ સુદ પૂનમે પૂરું થાય છે ત્રણ દિવસ ઉપવાસ કરવા બે ફળ ખાઈ ને અને એક નકોરડો ..ત્રણેય દિવસે અબીલ કુમકુમ ચોખ ફૂલ અને ફળ વડે વડ નું પૂજન કરવું. પૂનમ ના દિવસે વડ ને પાણી પાવું..સુતર લઈ ને વડ ની પ્રદક્ષિણા કરી પોતાના પતિ ના દીર્ઘ આયુષ માટે પ્રાર્થના કરવી.

સ્કંદ અને ભવિષ્ય પુરાણ માં આ દિવસે વડ ના વૃક્ષ ની પૂજા કરવા નું વિધાન છે આ દિવસે મહિલાઓ શૃંગાર કરી ને પતિ ની લાંબી ઉંમર ની કામના સાથે વડ ના વૃક્ષ ની પૂજા કરે છે આ દિવસે વડ ની પૂજા સાથે સત્યવાન..અને સાવિત્રી ની વ્રત કથા પ્રચલિત છે. તે પણ મહિલાઓ સાંભળે છે આ વ્રત કથા માં સત્યવાન ના જીવ ને યમરાજ લઈ જતા હોય છે. ત્યારે સાવિત્રી ની પતિવ્રતા ...તપ ને ..જોઈ ને આ દિવસે યમરાજે સાવિત્રી ના પતિ સત્યવાન ના પ્રાણ પાછા આપી ને જીવતદાન આપ્યું હતું.

.....આજ ના આ પવિત્ર દિવસે સાણંદ ના જોગણી માતા ના મંદિર માં આવેલ વિશાળ વડ ની મહિલાઓ એ પૂજા અર્ચના કરી ને સૌભાગ્ય અને પતિ ની લાંબી ઉમર માટે વડ ની પૂજા કરી હતી

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે આગામી તા. ૧૮ જૂનના રોજ ગુજરાતમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના'નો પ્રારંભ

આગામી તા. ૧૮ જૂનના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાતના વડોદરામાં 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ આયોજન કરાયું છે. જેમાં વડાપ્રધાનના હસ્તે રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુ રકમના વિવિધ વિભાગોના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યભરમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' (MMY)નો શુભારંભ કરાવશે. મહિલાઓની સગર્ભાવસ્થાથી માંડીને ૧,૦૦૦ દિવસ સુધી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવા અને તેમના પોષણની સ્થિતિમાં સુધાર લાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' જાહેર કરવામાં આવી છે. આ સાથે જ રાજયના તમામ આદિજાતિ તાલુકાઓમાં 'પોષણ સુધા યોજના'નું પણ લોન્ચિંગ કરવામાં આવશે જે યોજના હેઠળ આદિજાતિ વિસ્તારની મહિલાઓને આવરી લેવામાં આવશે.

શું છે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના ?

માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં રહેલા બાળકના વિકાસને અવરોધે છે, જે આગળ જતા બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વૃદ્ધિ અને વિકાસ પર ગંભીર અસર કરે છે. મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ, એટલે કે કુલ ૧,૦૦૦ દિવસના સમયગાળાને 'ફર્સ્ટ વિન્ડો ઓફ ઓપોર્ચ્યુનિટી' કહેવામાં આવે છે, જે સમય દરમિયાન માતા અને બાળકનું પોષણ સ્તર સુદૃઢ બનાવવું જરૂરી છે. આ બાબતના મહત્વને સમજીને ભારત સરકારના 'પોષણ અભિયાન' અંતર્ગત માતા અને બાળકના આ ૧,૦૦૦ દિવસ ઉપર ફોકસ કરવાનું જણાવવામાં આવ્યું છે. આ તબક્કા દરમિયાન માતાના આહારમાં અન્ન અને પ્રોટીન, ફેટ તેમજ અન્ય સૂક્ષ્મ પોષકતત્વો ઉપલબ્ધ થાય તે ખૂબ અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા આ ૧,૦૦૦ દિવસ દરમિયાન સગર્ભા અને પ્રસૂતા માતાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉદ્દેશથી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' મંજૂર કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં તમામ પ્રથમ સગર્ભા અને પ્રથમ પ્રસૂતા માતા તથા આરોગ્ય વિભાગના સોફ્ટવેરમાં સગર્ભા તરીકે અથવા જન્મથી બે વર્ષના બાળકની માતા તરીકે નોંધાયેલ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને દર મહિને આંગણવાડી કેન્દ્ર પરથી રાશન તરીકે બે કિલો ચણા, એક કિલો તુવેર દાળ અને એક લિટર સીંગતેલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ.૮૧૧ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે અને આગામી પાંચ વર્ષ માટે રૂ.૪,૦૦૦ કરોડથી વધુ રકમની જોગવાઈ કરવામાં આવશે.

આ યોજનાથી માતા અને બાળકના પોષણની સ્થિતિમાં સુધારો થશે. અપૂરતા મહિને જન્મ અથવા ઓછા વજનવાળા બાળકોના જન્મની સંખ્યામાં ઘટાડો થશે અને સંપૂર્ણ સ્વસ્થ બાળકોનો જન્મ થશે. આ સાથે જ માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરમાં પણ ઘટાડો થશે.

રાજયના આદિજાતિ તાલુકાઓમાં પોષણ સુધા યોજનાનું લોન્ચિંગ

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ જ મહત્વપૂર્ણ છે. માતાના ગર્ભમાં રહેલ શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે 'પોષણ સુધા યોજના' ગુજરાતના આદિજાતિ વિસ્તારના દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા મળી કુલ પાંચ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં અમલી બનાવાઈ હતી. હવે તેનું વિસ્તરણ કરીને રાજયના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના કુલ ૧૦૬ તાલુકાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવશે.

આ યોજના અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. આ સાથે આયર્ન અને કેલ્શિયમની ગોળીઓ તેમજ આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ આપવામાં આવે છે. યોજનાના મોનીટરિંગ અને રિવ્યુ માટે વિશેષ મોબાઈલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. ચાલુ વર્ષમાં આ યોજના માટે રૂ.૧૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે હેઠળ દર મહિને અંદાજિત ૧.૩૬ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

રાજ્યની માતાઓ અને બાળકોના પોષણની સ્થિતિમાં સુધાર લાવવા માટે અને એક સુદૃઢ અને તંદુરસ્ત સમાજની રચના કરવા માટે ગુજરાત સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ સતત પ્રયત્નશીલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK